# પ્લાન્ટ્સ માટે ઘરે જ બનાવો
# ખાતર



કિચનમાં રસોઈ કરતી વખતે મોટા ભાગે આપણે શાકભાજીની છાલ, ઈંડાંનાં કોચલાં કે અન્ય કચરો ડસ્ટબિનમાં ફેંકી દઈએ છીએ પરંતુ ક્યારેય વિચાર્યું છે કે જેને આપણે કચરો સમજી ફેંકી દઈએ છીએ તે આપણા મુરઝાયેલા છોડ માટે સંજીવની બુટ્ટી બની શકે છે?

બજારમાં મળતાં કેમિકલયુક્ત અને મોંઘાં ખાતર છોડને તરત લીલાંછમ તો કરી દે છે પરંતુ માટીની ઉપજાઉ શક્તિનો ધીમે ધીમે નાશ કરે છે.

આપણે પ્રાકૃતિક રીતે ઘરે જ સહેલાઈથી ફર્ટિલાઈઝર બનાવીએ તો? આવો જાણીએ કિચનના કચરામાંથી છોડને કેવી રીતે હર્યાભર્યા અને લીલાંછમ કઈ રીતે બનાવી શકાય?

## હોમમેડ ફર્ટિલાઈઝર

ઘરે આ વસ્તુઓમાંથી જ બનાવો અસરકારક હોમમેડ ફર્ટિલાઈઝર...

### કેળાંની છાલ



કેળાં ખાવાં આરોગ્ય માટે જેટલાં ફાયદાકારક છે એટલાં જ લાભકારક છે કેળાંની છાલ છોડ માટે. કેળાંની છાલમાં ભરપૂર માત્રામાં પોટેશિયમ હોય છે. તેમાં થોડું ફોસ્ફરસ, કેલ્શિયમ અને મેગ્નેશિયમ પણ હોય છે. પોટેશિયમ છોડમાં ફૂલ ખીલવાં, ફળ લાગવાં અને છોડને અંદરથી મજબૂત બનાવવા બહુ જરૂરી છે. આ જ કારણે ગુલાબ અને અન્ય ઈનડોર ફ્લાવરિંગ પ્લાન્ટ્સ માટે કેળાંની છાલનો ઉપયોગ સદીઓથી કરવામાં આવે છે.

**કેવી રીતે બનાવશો?**

કેળાંની છાલના નાના નાના ટુકડા કરી છોડના મૂળ પાસે માટીમાં દબાવી શકાય. બીજી રીત એ છે કે છાલ થોડા દિવસ પાણીમાં પલાળી રાખવી. પછી પોટેશિયમથી ભરપૂર આ પાણી છોડમાં નાખો.

### ઈંડાંનાં કોચલાં



ઈંડાંનાં કોચલાંમાં લગભગ 95% કેલ્શિયમ કાર્બોનેટ હોય છે જે માટીની અમ્લીયતા (એસિડિટી)ને સંતુલિત કરવા અને છોડના કોષોને મજબૂત બનાવવાનું કામ કરે છે. ઘણી વાર ટામેટાં જેવા છોડમાં કેલ્શિયમની ઊણપને કારણે ફળ સડવા માંડે છે.

જો ઈંડાંનાં કોચલાંનો પાઉડર બનાવી નાખવામાં આવે તો કેલ્શિયમ જલ્દી મિક્સ થઈ છોડને ફાયદો થાય છે.

**કેવી રીતે બનાવશો?**

ઈંડાંનાં કોચલાંને બરાબર ધોઈ સૂકવી લો. ત્યાર બાદ મિક્સરમાં ઝીણો પાઉડર કરીને એને કૂંડાંની માટીમાં મિક્સ કરો.

### કંપોસ્ટ ટી

કંપોસ્ટ ટી એ કોઈ ચાપત્તીવાળી ચા નથી પરંતુ એ તૈયાર કંપોસ્ટ ખાતરમાંથી બનાવેલું એક પૌષ્ટિક લિક્વિડ ફર્ટિલાઈઝર છે. એ બનાવવા માટે સારી ક્વોલિટીના કમ્પોસ્ટ ખાતરને 24-48 કલાક પાણીમાં પલાળી રાખવામાં આવે છે અને પછી ગાળી લેવામાં આવે છે. સંશોધન અનુસાર કંપોસ્ટ ટી માટીમાં ગુડ માઈક્રોબ્સ (સૂક્ષ્મ જીવ) પહોંચાડે છે જે પોષક તત્ત્વોના ચક્રને બહેતર બનાવે છે અને છોડને ઘણા પ્રકારની બીમારીથી બચાવે છે.



**કેવી રીતે બનાવશો?**

એક મુઠ્ઠી કમ્પોસ્ટ ખાતરને એક ડોલ પાણીમાં પલાળી દો. બે દિવસ પછી એને ગાળી આ લિક્વિડને છોડના મૂળમાં નાખો. એ છોડ માટે એક સારું ટોનિક છે.

### એપ્સમ સોલ્ટ સોલ્યુશન

એપ્સમ સોલ્ટ એટલે મેગ્નેશિયમ સલ્ફેટ.



મેગ્નેશિયમ છોડના ક્લોરોફિલનો એક મુખ્ય ભાગ હોય છે જેની મદદથી છોડ પોતાનો ખોરાક બનાવે છે. મેગ્નેશિયમની ઊણપથી ટામેટાં, મરચાં અને ગુલાબનાં પાંદડાંનો રંગ પીળો પડવા માંડે છે અને ઊપજ ઓછી થાય છે.

**કેવી રીતે બનાવશો?**

લગભગ ચાર લિટર પાણીમાં એક ટેબલસ્પૂન એપ્સમ સોલ્ટ મિક્સ કરો. આ સોલ્યુશન મહિનામાં એક વાર છોડ પર છાંટવું કે મૂળમાં નાખવાથી પાંદડાંની લીલાશ ફરી આવે છે, ફળફૂલ ખીલે છે. માટીમાં મેગ્નેશિયમની ખરેખર કમી હોય તો જ એ સારું કામ કરે છે.

### સૂકાં પાંદડાં

સૂકાં પાંદડાંમાંથી ઑર્ગેનિક ખાતર ઘરે જ સહેલાઈથી બનાવી શકાય છે. છોડના વિકાસ માટે એ ફાયદાકારક છે.

**કેવી રીતે બનાવશો?**

ઝાડ પરથી ખરેલાં સૂકાં પાંદડાં ભેગાં કરો. મોટાં પાંદડાં થોડાં ક્રશ કરો. એક ગૂણ અથવા પ્લાસ્ટિકના ડ્રમની કિનાર પર અને ઉપર હવાની અવરજવર માટે કાણાં પાડો. નીચે સૂકાં પાંદડાંનું એક લેયર કરો. તેના ઉપર રસોઈનો ભીનો કચરો, થોડી માટી અને થોડું છાણ કે પાણી છાંટો. ફરી પાંદડાં અને કચરાંનું લેયર કરો. મોઈશ્ચર જાળવી રાખવા વચ્ચે વચ્ચે પાણી છાંટતાં રહો. દર 10-15 દિવસે કચરો હલાવતાં રહો. 2-3 મહિનામાં સૂકું ધાન સડીને કાળા રંગનું ઑર્ગેનિક ખાતર બની જાય છે.

### રાઈસ વૉટર

ચોખા ધોયા બાદનું પાણી પણ એક સારું ઑર્ગેનિક ખાતર છે. એમાં ટ્રેસ મિનરલ્સ અને સ્ટાર્ચ હોય છે જે છોડને માઈલ્ડ પોષક તત્ત્વો આપી શકે છે. ચોખાનું પાણી ભેગું કરી દર 10-15 દિવસે એક વાર છોડમાં નાખવાથી છોડનો સારો વિકાસ થાય છે.

### કાંદા અને લસણનાં ફોતરાં

એનો કાઢો બનાવી ઠંડો કરો અને પાણી સાથે છોડમાં નાખો. એ છોડને જીવાતથી બચાવવામાં મદદ કરે છે.



### ગોળનું પાણી

પાણીમાં ગોળ ઓગાળી છોડમાં નાખો. એ માટીમાં ફાયદાકારક બેક્ટેરિયાનો વિકાસ કરે છે.

### વાસી રોટલી અને બ્રેડ

રોટલી અને બ્રેડના ટુકડા સૂકવી માટીમાં મિક્સ કરો. એ ધીરે ધીરે નાઈટ્રોજન છોડે છે.

આ બધાં ફર્ટિલાઈઝર ઈકો ફ્રેન્ડલી હોય છે જે છોડને પોષણ આપે છે, કેમિકલ્સથી રક્ષણ કરી પર્યાવરણને પણ સુરક્ષિત રાખે છે. એનાથી છોડ લીલાછમ અને સ્વસ્થ રાખી શકાય છે.